અપીલ અરજી નં. ૬૭૨ તા.૯–૩–૧૨
**ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮**

**અરજદારઃ– ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટર**
સામાવાળા :– સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટરની તા. ૧૩–૧–૧૨ની અરજીથી મોજે ડુંભાલના રેવન્યુ સર્વે નં. ૧૦, બ્લોક નં. ૧૧, સીટી સર્વે નોંધ નં.૧૭૪૩ ( એસ.કે.નગર) વાળી જમીનમાં બાંધકામ માટે મંજુર થયેલી રજાચિઠ્ઠી, ટી.ડી.ઓ.નં. ૬૮/૮૦ તા. ૧૨–૬–૧૯૮૦ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિક્કાવાળી નકલો મેળવવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **કોહળાબ.ળ** નં.૬૭૨/૨૦૧૧–૧૨

ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટરની તા. ૧૩–૧–૧૨ની અરજીથી મોજે ડુંભાલના રેવન્યુ સર્વે નં. ૧૦, બ્લોક નં. ૧૧, સીટી સર્વે નોંધ નં. ૧૭૪૩ ( એસ.કે.નગર) વાળી જમીનમાં બાંધકામ માટે મંજુર થયેલી રજાચિઠ્ઠી, ટી.ડી.ઓ.નં. ૬૮/૮૦ તા. ૧૨–૬–૧૯૮૦ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિક્કાવાળી નકલો મેળવવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સંદર્ભ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૦૦૮ તા.૧૬–૩–૧૨ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો વિગત– અગર નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૫–૪–૧૨ થી પત્ર મળેલ છે.

અરદારની તા.૧૩–૧–૧૨ ની અરજીથી માંગેલ માહિતી અરજી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં કરવામાં આવેલ. જે પત્ર નં.ટી.ડી.ઓ/૪૯૮ તા.૨૧–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીમાં મોજે ડુંભાલના રેવન્યુ સર્વે નં. ૧૦, બ્લોક નં. ૧૧, સીટી સર્વે નોંધ નં.૧૭૪૩ (એસ.કે.નગર) વાળી જમીનમાં બાંધકામ માટે મંજુર થયેલી રજાચિઠ્ઠી, ટી.ડી.ઓ.નં. ૬૮/૮૦ તા. ૧૨–૬–૧૯૮૦ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિક્કાવાળી નકલો મેળવવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો વિગત– અગર નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા અત્રેની કચેરીએથી પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેમના તા.૫–૪–૧૨ ના પત્રમાં જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી મળેલ ન હોવાનું જણાવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૧–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં માહિતી પુરી પાડવા સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર(સ્પે.)
અને ત. એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન) ....જાણ તથા અમલ માટે (૨) ડો. રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રાકટર,